# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-01-2025** **MORNING : 7.45 to 7.55**

**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

**********************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિશાખાપટ્ટનમમાં 2 લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને ખાતમુહુર્ત કરશે

2) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું છે કે, ત્રણ નવા ફોજદારી કાયદા નો ઉદ્દેશ્ય ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવાનો છે

3) એક દેશ, એક ચૂંટણી સંબંધિત બે ખરડા માટે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિની પ્રથમ બેઠક આજે યોજાશે

4) માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સમગ્ર ભારતમાં ડ્રાઈવર પ્રશિક્ષણ સંસ્થાઓ સ્થાપવાની યોજનાની જાહેરાત કરી છે

5) ભુવનેશ્વરમાં આજથી 18માં પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનો પ્રારંભ થશે

6) નેપાળ-તિબેટ સરહદી વિસ્તારમાં આવેલા ભૂકંપના કારણે મૃત્યુઆંક વધીને 126 થયો

********************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - ANDHRA PRADESH VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં 2 લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને ખાતમુહુર્ત કરશે.

શ્રી મોદી  વિશાખાપટ્ટનમ નજીક પુડીમડાકા ખાતે NTPC ગ્રીન એનર્જી લિમિટેડના અત્યાધુનિક ગ્રીન હાઇડ્રોજન સેન્ટર પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશન હેઠળ આ પહેલું ગ્રીન હાઇડ્રોજન સેન્ટર હશે. આ પ્રોજેક્ટ પર અંદાજે 1 લાખ 85 હજાર કરોડ રૂપિયાનું રોકાણ થશે. જેનાથી વર્ષ 2030 સુધીમાં 500 GW બિન-અશ્મિભૂત ઉર્જા ક્ષમતાના લક્ષ્યાંકને હાંસલ કરવામાં મદદ મળશે.

પ્રધાનમંત્રી  આંધ્રપ્રદેશમાં 19 હજાર 500 કરોડ રૂપિયાથી વધુના રેલ અને રોડ પ્રોજેક્ટનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન પણ કરશે.. આ પ્રોજેક્ટ ટ્રાફિકની સમસ્યા  ઘટાડશે, કનેક્ટિવિટી વધારશે અને પ્રાદેશિક સામાજિક અને આર્થિક વિકાસને વેગ આપશે.

શ્રી મોદી અનકાપલ્લે જિલ્લાના નક્કાપલ્લી ખાતે ઔષધીય બગીચાનો શિલાન્યાસ પણ કરશે. આનાથી રોજગારીની ઘણી તકો ઊભી થશે અને આસપાસના વિસ્તારોના આર્થિક વિકાસને પ્રોત્સાહન મળશે

પ્રધાનમંત્રી  તિરુપતિ જિલ્લામાં ચેન્નાઈ-બેંગ્લોર ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર હેઠળ કૃષ્ણપટ્ટનમ ઈન્ડસ્ટ્રીયલ એરિયાનો શિલાન્યાસ પણ કરશે.આ પ્રોજેક્ટથી લગભગ એક લાખ રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે.

...............................................................

# SHAH-YOGI MEETING

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું છે કે, ત્રણ નવા ફોજદારી કાયદા સજા-લક્ષી નથી પરંતુ પીડિત-કેન્દ્રિત છે અને તેમનો ઉદ્દેશ્ય ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવાનો છે.

ઉત્તર પ્રદેશમાં ત્રણ કાયદાના અમલીકરણ અંગે નવી દિલ્હીમાં ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી  યોગી આદિત્યનાથ સાથે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરતી વખતે તેમણે આ મુજબ જણાવ્યું.

શ્રી શાહે આ વર્ષના માર્ચ સુધીમાં ઉત્તર પ્રદેશના તમામ સાત કમિશનરેટ્સમાં નવા ફોજદારી કાયદાના 100 ટકા અમલીકરણ સુનિશ્ચિત કરવા જણાવ્યું . તેમણે કહ્યું કે, ઉત્તર પ્રદેશ જેવા મોટી વસ્તી ધરાવતા રાજ્યોમાં નવા ફોજદારી કાયદાનો સંપૂર્ણ અમલ સમગ્ર દેશને સકારાત્મક સંદેશ આપશે. તેમણે મુખ્યમંત્રીને દર 15 દિવસે કાયદાના અમલીકરણની પ્રગતિની સમીક્ષા કરવા વિનંતી કરી તથા  રાજ્યના મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકને અઠવાડિયામાં એકવાર તમામ સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે સમીક્ષા કરવા જણાવ્યું.

# JPC - ONE NATION ONE ELECTION

એક દેશ, એક ચૂંટણી સંબંધિત બે ખરડા માટે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિની પ્રથમ બેઠક આજે યોજાશે.

આ ખરડામાં - એકસો 29મા બંધારણ સુધારા બિલ અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદો સુધારો બિલ 2024 નો સમાવેશ થાય છે. કાયદા અને ન્યાય મંત્રાલયના પ્રતિનિધિઓ સમિતિના સભ્યોને સૂચિત બિલોની વિવિધ જોગવાઈઓ વિશે માહિતી આપશે.

39 સભ્યોની સમિતિમાં લોકસભાના 27 અને રાજ્યસભાના 12 સભ્યોનો સમાવેશ થાય છે. આ સમિતિ આગામી સંસદ સત્રના અંતિમ સપ્તાહના પ્રથમ દિવસે પોતાનો અહેવાલ સુપરત કરશે.

સંયુક્ત સંસદીય સમિતિમાં, ભાજપાના પી.પી. ચૌધરી, લોકસભાના અનુરાગ સિંહ ઠાકુર અને પુરુષોત્તમ રૂપાલા, કોંગ્રેસના મનીષ તિવારી અને પ્રિયંકા ગાંધી, તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-શરદ પવાર જૂથના સુપ્રિયા સુલેનો સમાવેશ થાય છે. રાજ્યસભામાંથી ભારતીય જનતા પાર્ટીના ઘનશ્યામ તિવારી, ભુવનેશ્વર કલિતા અને કે. લક્ષ્મણ, કોંગ્રેસના રણદીપ સિંહ સુરજેવાલા અને મુકુલ વાસનિક, જનતા દળ યુનાઈટેડના સંજય કુમાર ઝા અને વાય.એસ.આર. કોંગ્રેસના વિજયસાઈ રેડ્ડીનો સમાવેશ થાય છે.

..............................................................

# GADKARI--ROAD-SAFETY

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સમગ્ર ભારતમાં ડ્રાઈવર પ્રશિક્ષણ સંસ્થાઓ સ્થાપવાની યોજનાની જાહેરાત કરી છે.

આ અંતર્ગત સંસ્થાની સ્થાપના માટે પ્રોત્સાહક ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઓટોમેટેડ ટેસ્ટિંગ સેન્ટર અને ડ્રાઈવર ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટના ઈન્ટીગ્રેટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વધારાની પ્રોત્સાહન રકમ પણ આપવામાં આવશે. શ્રી ગડકરીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, દેશમાં કુશળ ડ્રાઇવરોની અછત છે અને સરકાર વધુ ડ્રાઇવર તાલીમ કેન્દ્રો સ્થાપવા માટે પ્રતિબદ્ધ છે.

શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરિવહન મંત્રીઓ સાથે યોજાયેલી બેઠકમાં માર્ગ સલામતી અંગે ચર્ચા કરવામાં આવી હતી. પરિવહન ક્ષેત્રમાં બદલાવ અંગે તેમણે કહ્યું કે, બેઠકમાં તમામ મુદ્દાઓ, તેના ઉકેલો અને રોડ અને પરિવહન ક્ષેત્રમાં વિકાસ માટેના ઉપાયો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

..............................................................

# RAJNATH SINGH-AGRA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે, તિબેટમાં ભારતની સરહદ નજીક બ્રહ્મપુત્રા નદી પર મેગા ડેમ બનાવવાની ચીનની યોજના અંગે સરકાર સતર્ક છે.

ચીને બ્રહ્મપુત્રા પર વિશ્વના સૌથી મોટા બંધ બાંધવાની તેની યોજનાની જાહેરાત કર્યા બાદ ભારતે કહ્યું કે, તે તેના હિતોનું રક્ષણ કરવા માટે દેખરેખ રાખશે અને જરૂરી પગલાં લેશે.

ભારતે ઉપરના વિસ્તારોની ગતિવિધિઓથી બ્રહ્મપુત્રાના નીચલા વિસ્તારોના હિતોને નુકસાન ન થાય. તે સુનિશ્ચિત કરવા ચીનને વિનંતી કરી છે.

..............................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

. . . . . . . . . . . . . . .

# PRAVASI-BHARATIYA-DIVAS

**ભુવનેશ્વરમાં આજથી 18માં પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનો પ્રારંભ થશે**

આ ભારતવંશી સંમેલન માં પચાસ દેશોમાંથી લોકો ભાગ લેશે. ઓડિશા સરકાર આ લોકો સમક્ષ રાજ્યની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસાની ઝલક રજૂ કરશે. સંમેલનની શરૂઆત યુવા પ્રવાસી ભારતીય દિવસથી થશે. રાજ્ય સરકાર, યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના સહયોગથી તેનું આયોજન કરી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આ સમેલનમાં ભાગ લેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ શુક્રવારે સમાપન સત્રની અધ્યક્ષતા કરશે. તેઓ વિવિધ ક્ષેત્રોમાં ભારતીયોની સિદ્ધિઓને ઉજાગર કરતો પ્રવાસી ભારતીય સન્માન પણ એનાયત કરશે.

ત્રિનિદાદ અને ટોબેગોના પ્રમુખ ક્રિસ્ટીન કાર્લા કેંગલુ સમેલનના મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે. આ વર્ષની વિષયવસ્તુ- વિકસિત ભારતમાં ભારતીયોનું યોગદાન છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારતીયો માટે વિશેષ પ્રવાસી ટ્રેન – પ્રવાસી ભારતીય એક્સપ્રેસને વર્ચ્યુઅલ રીતે લીલી ઝંડી આપશે.પ્રધાનમંત્રી સમેલન સ્થળે ચાર પ્રદર્શનોનું ઉદ્ઘાટન પણ કરશે. આ સંમેલનમાં પાંચ વિષયો પર પૂર્ણ સત્રોનું પણ આયોજન કરવામાં આવશે.

..............................................................

# EARTHQUAKE

નેપાળ-તિબેટ સરહદી વિસ્તારમાં આવેલા ભૂકંપના કારણે મૃત્યુઆંક વધીને 126 થયો છે.

ચીનના સત્તાવાર મીડિયાએ જણાવ્યું કે, ગઇકાલે આવેલા ભૂકંપમાં 190 લોકો ઘાયલ થયા છે. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર સાત પોઈન્ટ એક નોંધાઈ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ નેપાળ સરહદ નજીક તિબેટના ઝિઝાંગમાં નોંધાયું છે.

ભૂકંપના કારણે મોટાભાગના મૃત્યુ અને ઇજાઓ ઝિઝાંગ શહેરમાં થઈ છે. ઘણી ઇમારતોને પણ નુકસાન પહોંચ્યું છે. ડીંગરીના ચાંગસુઓ ટાઉનશીપના ટોંગલાઈ ગામમાં અનેક મકાનો ધરાશાયી થયા હોવાના અહેવાલ છે..

ભૂકંપના કારણે બિહાર, પશ્ચિમ બંગાળ, સિક્કિમ સહિત ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં પણ આંચકા અનુભવાયા હતા. દેશમાં અત્યાર સુધી ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી.

ભારતે તિબેટમાં ભૂકંપને કારણે થયેલા જાનમાલના નુકસાન પર શોક વ્યક્ત કર્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રાંધી જયસ્વાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, સરકાર અને ભારતના લોકો પીડિતો અને તેમના પરિવારની સાથે છે.

...............................................................

# ISRO---NEW-CHAIRMAN

કેન્દ્રએ શ્રી વી. નારાયણનને ભારતીય અવકાશ સંશોધન સંસ્થા-ઇસરોના નવા અધ્યક્ષ અને અવકાશ વિભાગના સચિવ નિયુક્ત કર્યા છે.

તેઓ 14 જાન્યુઆરીએ કાર્યભાર સંભાળશે. તેઓ ઈસરોના વર્તમાન અધ્યક્ષ એસ. સોમનાથનું સ્થાન લેશે. શ્રી નારાયણન હાલમાં કેરળના વાલિયામાલા ખાતે ISROના લિક્વિડ પ્રોપલ્શન સિસ્ટમ્સ સેન્ટરના ડિરેક્ટર છે. રોકેટ અને સ્પેસક્રાફ્ટ પ્રોપલ્શનના ક્ષેત્રમાં એક પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક તરીકે તેમની પાસે લગભગ ચાર દાયકાનો અનુભવ છે.

...............................................................

## હવે આજ ના અખબારો ના સમાચાર રજૂ કરે છે રિદ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોમાં તિબેટમાં આવેલા ભૂકંપે સર્જેલી તબાહીના મુખ્ય સમાચાર વિનાશની તસવીરો સાથે જોવા મળી રહ્યા છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીના જાહેર થયેલા કાર્યક્રમ અને નાણાકીય વર્ષ 2024-25માં જીડીપીની જાહેર થયેલા અઁદાજ અને કેનેડાને અમેરિકામાં ભેળવવાની ટ્રમ્પની દરખાસ્તના પુનરોચ્ચારના સમાચાર મુખ્ય છે.
- સંદેશ અને ગુજરાત સમાચાર, ફૂલછાબ અને નવગુજરાત સમયે તિબેટમાં 7.1ના ભૂકંપથી 126 લોકોના મોતના સમાચાર હેડલાઇનમાં લીધાં છે.
- દિવ્ય ભાસ્કર, હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા અને અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ દિલ્હીની ચૂંટણીના સમાચારને મુખ્ય સમાચાર તરીકે પ્રસિધ્ધ કર્યા છે..

## TABLE TENNIS - STAR CONTENDER

વિશ્વ ટેબલ ટેનિસમાં, રાજ્યના માનવ ઠક્કર અને મનિકા બત્રાની જોડી પ્રિક્વાટરમાં પ્રવેશી છે.

ગઈકાલે કતારના દોહામાં લુસેલ સ્પોર્ટ્સ એરેના ખાતે ક્વોલિફાઈંગ રાઉન્ડ માં તેમણે ફ્રેન્ચ જોડીને 3-1 થી હરાવી હતી. હવે તેઓ આજે પ્રિ ક્વાટરમાં યુઆન્યુ ચેન અને યી ચેનની ચીનની જોડી સામે ટકરાશે.

પુરુષ સિંગલ્સમાં, માનવ ઠક્કર આજે રાઉન્ડ ઓફ 64માં રોમાનિયાના ખેલાડી સામે ટકરાશે.

મહિલા ડબલ્સમાં સુતીર્થ મુખર્જી અને અયાહિકા મુખર્જીની ભારતીય જોડી આજે પ્રિક્વાટરમાં જાપાનની જોડી સામે ટકરાશે.

મહિલા સિંગલ્સમાં, ભારતની દિયા ચિતાલીએ ગઈકાલે આહિકા મુખર્જીને 3-0થી હરાવી હતી

...........................................................